# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

SGCCI

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


---

Ref no. PN 2026-27/70 Dt. 21/08/2026

તંત્રીશ્રી, ______________________________, સુરત.

મે. સાહેબશ્રી,

નીચે મુજબની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજી.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

# ચેમ્બર ઓફ કોમર્સ અને ઉત્તર પ્રદેશ સરકાર વચ્ચે 10,000 યુવાનોને કૌશલ્ય તાલીમ અને રોજગાર આપવા ઐતિહાસિક MoU સંપન્ન

## સુરતમાં યોજાયો 'ઉત્તર પ્રદેશ ઇન્ડસ્ટ્રી કનેક્ટ 2026': શ્રમ અને રોજગાર મંત્રી અનિલ રાજભરની ઉપસ્થિતિમાં રોજગારી અને અપસ્કિલિંગનો રોડમેપ તૈયાર

### સુરત મહેનતને મોકો અને મોકાને માર્કેટ આપતી કર્મભૂમિ છે: ચેમ્બર પ્રમુખ અશોક જીરાવાલા

### 'યુપી મીન્સ અપ'— સ્કિલ અપ, સ્કેલ અપ, સ્ટાર્ટઅપ અને ગ્રોથ અપ: અશોક જીરાવાલા

### ઉત્તર પ્રદેશ સરકારના પ્રિન્સિપાલ સેક્રેટરી IAS એમ. કે. શંમુગા સુન્દરમ અને ચેમ્બર પ્રમુખ અશોક જીરાવાલાએ કર્યા હસ્તાક્ષર

સુરત, 20 ઓગસ્ટ 2026: ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી (SGCCI), ઉત્તર પ્રદેશ સરકારના શ્રમ તથા રોજગાર વિભાગ અને FICCIના સંયુક્ત ઉપક્રમે ગુરુવાર, તા. 20 ઓગસ્ટ 2026ના રોજ સવારે 10:30 કલાકે સુરત સિટી સેન્ટર સ્થિત હિલ્ટન ગાર્ડન ઇન હોટેલ ખાતે 'ઉત્તર પ્રદેશ ઇન્ડસ્ટ્રી કનેક્ટ 2026'નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ દરમિયાન ઉત્તર પ્રદેશના યુવાનોને ઉદ્યોગલક્ષી તાલીમ આપી સુરત સહિતના ઉદ્યોગોમાં રોજગારી ઉપલબ્ધ કરાવવા માટે ઐતિહાસિક સમજૂતી કરાર કરવામાં આવ્યા હતા.

આ MoU પર ઉત્તર પ્રદેશ સરકારના માનનીય શ્રમ અને રોજગાર મંત્રી શ્રી અનિલ રાજભરની ઉપસ્થિતિમાં ઉત્તર પ્રદેશ સરકારના શ્રમ અને રોજગાર વિભાગના પ્રિન્સિપાલ સેક્રેટરી (IAS) શ્રી એમ. કે. શંમુગા સુન્દરમ અને ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી અશોક જીરાવાલાએ સત્તાવાર હસ્તાક્ષર કર્યા હતા. આ પ્રસંગે ચેમ્બરના માનદ્ ખજાનચી શ્રી અતુલ પટેલ પણ ઉપસ્થિત રહ્યા હતા.

મંત્રી શ્રી અનિલ રાજભરે જણાવ્યું કે ઉત્તર પ્રદેશના યુવાનોને સુરતની ઇન્ડસ્ટ્રીઝ સાથે જોડીને તેમને સ્કિલિંગ, પ્રેક્ટિકલ ટ્રેનિંગ અને રોજગારની તકો ઉપલબ્ધ કરાવવામાં આવે, જ્યારે સુરત અને દક્ષિણ ગુજરાતની ઇન્ડસ્ટ્રીઝને જરૂરી સ્કિલ્ડ મેનપાવર મળી રહે. તેમણે ખાસ જણાવ્યું કે ઉત્તર પ્રદેશથી સુરત આવતા યુવાનોને હોસ્ટેલ સહિતની જરૂરી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવે, જેથી તેઓ સારી રીતે રહી શકે, ઈઝ ઓફ લિવિંગ સાથે કામ કરી શકે અને રોજગાર મેળવી શકે.

**સુરત અને ઉત્તર પ્રદેશનો નાતો વર્ષો જૂનો:** અશોક જીરાવાલા ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી અશોક જીરાવાલાએ સ્વાગત પ્રવચન કરતા જણાવ્યું હતું કે, "આ કાર્યક્રમ માત્ર 'ઇન્ડસ્ટ્રી કનેક્ટ' નથી, પરંતુ ઉત્તર પ્રદેશની યુવા શક્તિ અને સુરતની ઔદ્યોગિક તાકાતનો સુભગ સમન્વય છે. સુરત અને ઉત્તર પ્રદેશનો સંબંધ વર્ષો જૂનો છે. યુપીના લાખો પરિવારો આજે સુરતને પોતાની કર્મભૂમિ બનાવી ટેક્સટાઇલ, ડાયમંડ, ટ્રેડ અને મેન્યુફેક્ચરિંગ ક્ષેત્રે વિકાસના સહભાગી બન્યા છે. સુરત એવું શહેર છે જ્યાં મહેનતને મોકો અને મોકાને માર્કેટ મળે છે. અહીં એક દોરો લાખો ઘરોમાં રોજી આપે છે અને એક ડાયમંડ લાખો જિંદગીઓને રોશન કરે છે. UPનું નામ જ છે 'યુપી મીન્સ અપ'— યુવાનોને રાઇટ ટાઇમે રાઇટ સ્કિલ અને રાઇટ ઓપોર્ચ્યુનિટી મળશે તો તેઓ આવતીકાલના જોબ ક્રિએટર્સ પણ બનશે અને ભારતને ટોપ પર લઈ જશે."

**10,000 યુવાનોને સ્કિલિંગ અને રોજગાર:** આ એમઓયુ અંતર્ગત ઉત્તર પ્રદેશના 10,000 યુવાનોને રિક્રૂટ અને અપસ્કિલ કરી એમ્પ્લોયેબલ બનાવવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે. SGCCI દ્વારા ઉદ્યોગોની જરૂરિયાત મુજબ ટેકનિકલ ટ્રેનિંગ, વર્કશોપ્સ અને કેપેસિટી બિલ્ડિંગ પ્રોગ્રામ્સ ચલાવવામાં આવશે. આ સાથે રિસર્ચ, નોલેજ શેરિંગ અને એવિડન્સ-બેઝ્ડ પોલિસી મેકિંગ ક્ષેત્રે પણ લાંબા ગાળાની ભાગીદારી રહેશે.

**યુવાનોના કૌશલ્ય વિકાસ પર પેનલ ડિસ્કશન:** કાર્યક્રમમાં FICCI-CMSMEના પ્રમુખ અને લુથરા ગ્રુપના ચેરમેન શ્રી ગિરીશ લુથરાએ પ્રાસંગિક ઉદ્બોધન અને મોડરેટર તરીકે પેનલ ડિસ્કશનનું સંચાલન કર્યું હતું. આ પેનલ ચર્ચામાં UP સરકારના એમ્પ્લોયમેન્ટ ડિપાર્ટમેન્ટના સ્પેશિયલ સેક્રેટરી (IAS) શ્રી કુણાલ સિલ્કુ, કાલામંદિર જ્વેલર્સ ગ્રુપના ગ્લોબલ CHRO શ્રી પ્રોસેનજિત મુખર્જી (જેમ્સ એન્ડ જ્વેલરી સેક્ટર), ગોલ્ડી સોલારના વાઇસ પ્રેસિડેન્ટ સુશ્રી અસ્માની સુરવે (સોલાર સેક્ટર), ઓરો યુનિવર્સિટીના રજિસ્ટ્રાર પ્રોફેસર અમરીશ મિશ્રા (એજ્યુકેશન સેક્ટર) તેમજ શક્તિ ડિસ્ટિલરીઝના ચેરમેન શ્રી શ્રેયાંસ ગોયલ (કેમિકલ સેક્ટર)એ ભાગ લઈ ઉદ્યોગો અને યુવા રોજગાર વિષયક મહત્વના વિચારો રજૂ કર્યા હતા.

**ડાયમંડ ફેસિલિટીની મુલાકાત:** કાર્યક્રમની રૂપરેખા UPના એમ્પ્લોયમેન્ટ ડિપાર્ટમેન્ટના એડિશનલ ડિરેક્ટર શ્રી પી. કે. પુંડીરે આપી હતી. ઓપન હાઉસ સેશનમાં ઉદ્યોગ અગ્રણીઓએ મંત્રીશ્રી સમક્ષ સૂચનો રજૂ કર્યા હતા. ત્યાર બાદ ઉત્તર પ્રદેશ સરકારના મંત્રીશ્રી અને વરિષ્ઠ અધિકારીઓના પ્રતિનિધિમંડળે સુરત સ્થિત વિશ્વવિખ્યાત હરિકૃષ્ણ એક્સપોર્ટ્સના ડાયમંડ મેન્યુફેક્ચરિંગ હબની મુલાકાત લીધી હતી.